'અર્થ' (સંપત્તિ)ના ધોધ વચ્ચે પણ તમારી આંતરિક સંપદા અક્ષત રહે તો તમે સાચા અર્થમાં 'અમીર'
- રજનીશ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬ | ૨૭ માર્ચ, ૨૦૧૫, શુક્રવાર ; ચૈત્ર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિધાનસભાની ગરિમા વધુ એક વખત કલંકિત બની

## વિપક્ષના નેતાને બોલવા ન દેતાં વિપક્ષી સભ્યોએ ગૃહમાં અને ગૃહના પરિસરમાં તોડફોડ કરી : ૪ ધારાસભ્યોને ઈજા પહોંચી : બે દિવસ માટે વિપક્ષ સસ્પેન્ડ





ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ગરિમા આજે વધુ એક વખત કલંકિત બની છે. ગૃહ વિભાગની માંગણીઓ પર વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાને બોલતા અટકાવવામાં આવતાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ ગૃહની અંદર અને ગૃહના પરિસરમાં ભારે તોડફોડ કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો.

આજે ગુરૂવારનો દિવસ હોવાથી વિરામના સમય બાદ બિન સરકારી સંકલ્પો હાથ ધરવાના હોય છે. સવારની બેઠકમાં અર્ધો કલાક લંબાવાતા ગૃહ ૨.૩૦ને બદલે ૩ વાગે શરૂ થયું હતું. અને ગૃહ વિભાગ જેવા સંવેદનશીલ વિભાગની ચર્ચા માટે માત્ર ૩૦ મિનિટનો સમય હતો જેમાં મંત્રીશ્રીના જવાબ માટે ૨૦ મિનિટ અને સભ્યોને માત્ર ૧૦ મિનિટ બોલવા માટે હતી.

વિપક્ષી નેતાને બે વાર સ્પીકરે કહ્યું હતું કે આપની પાસે હવે સમય થોડો છે ત્યારે વિપક્ષી નેતાએ તેનો વિરોધ કર્યો હતો અને જો ના જ બોલવાનું હોય તો લો અમે આ ચાલ્યા...એમ કહી શ્રી શંકરસિંહ વાઘેલા ગૃહ છોડી ગયા હતા.

વિપક્ષી નેતાના આક્રમક તેવરને જોઈ કોંગ્રેસના સભ્યો પણ ઉશ્કેરાયા હતા અને તેમણે સૂત્રોચ્ચાર શરુ કર્યા હતા. જોત જોતામાં પરિસ્થિતિ તંગ બની જવા પામી હતી.

ઉશ્કેરાયેલા કોંગ્રેસી સભ્યોએ તેમના કાગળો ફાડી અને અધ્યક્ષની ડેસ્ક તરફ ફેંકયા હતા. પરિસ્થિતિ વણસી રહ્યાનું જણાતાં ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમારે બે થી ત્રણવાર સભ્યોને તેમનું સ્થાન લેવા અને મંત્રીશ્રીને તેમનો જવાબ રજુ કરવા જણાવ્યું હતું. આને લઈ વિપક્ષ ભારે ઉશ્કેરાયો હતો અને ધાંધલ ધમાલ મચાવી દીધી હતી.

વેલમાં સૂત્રોચ્ચાર કરી રહેલા કોંગ્રેસી સભ્યોને આજના દિવસ માટે સસ્પેન્ડ કરી ગૃહમાંથી દૂર કરવાના આદેશ ઉપાધ્યક્ષે આપ્યા હતા.

બસ આ પછી તો સલામતી સ્ટાફ અને કોંગ્રેસી સભ્યો વચ્ચે ભારે ખેંચતાણ થઈ હતી અને કોંગી સભ્યોએ ગાદીઓ ઉછાળી, તેમજ માઈકો પણ તોડયા હતા અને હેડફોન છુટા ફેંકયા હતા. ઉપાધ્યક્ષશ્રીએ આ તોફાન જોઈને ગૃહને પાંચ મિનિટ માટે મુલ્તવી રાખવાની જાહેરાત કરી હતી.

આ દરમિયાન ટીંગાટોળી કરી સલામતી સ્ટાફ એક સભ્યને લઈ જતા હતા ત્યાં કોંગીના શૈલેષ પરમારે ખુરશી પર ચડી ડાઈ મારી સભ્યોને છોડાવ્યા હતા. આ ઝપાઝપીમાં શકિતસિંહ ગોહિલ પણ એક તબક્કે આવી ગયા હતા. ગૃહ મુલત્વી રખાતા કોંગી સભ્યોને દૂર કરાતાં તેમણે બહાર નીકળી ગૃહના પરિસરમાં મુકાયેલા કુંડા, પાર્ટીશન ઉપાધ્યક્ષની કચેરીમાં તોડફોડ કરી ભારે નુકશાન કર્યું હતું.

આ તોડફોડમાં કોંગ્રેસના ૪ સભ્યો અને સલામતી દળના કેટલાક જવાનોને ઈજાઓ પણ થઈ હતી.

પાંચ મિનિટ બાદ ગૃહની બેઠક ફરી મળી હતી અને તેમાં ગૃહ વિભાગની માંગણીઓ મંજૂર કરવામાં આવ્યાની જાહેરાત સાથે તોફાન કરનાર સૌ વિપક્ષના સભ્યો વિપક્ષી નેતા સિવાયને બે દિવસ માટે સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ પસાર કરાયો હતો.

આ પ્રસ્તાવ પ્રદીપસિંહ જાડેજાએ રજૂ કર્યો હતો તેને આરોગ્યમંત્રી નીતિન પટેલ અને વિજય રૂપાણીએ સમર્થન આપી જણાવ્યું હતું કે બનેલી ઘટનાઓથી ગુજરાતની સંસદીય ગરિમાને નુકશાન થયું છે.

ઉપાધ્યક્ષાશ્રી આત્મારામભાઈ પરમારે પણ બનેલી ઘટનાઓ અશોભનીય અને ગરિમાને કલંક કરનારી લખાવી પ્રસ્તાવ મત પર મુકયો હતો જેનો ગૃહે સ્વીકાર કર્યો હતો.

## ...પ્રથમવાર વિપક્ષના નેતા પ્રવચન કરતાં કરતાં વોકઆઉટ કરી ગયા

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પોતાનું પ્રવચન કરતાં કરતાં ગૃહત્યાગ કરી ગયાની



પ્રથમ ઘટના વિધાનસભાની તવારીખીમાં બની છે.

ગૃહ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં વિપક્ષના નેતા ભાગ લઈ ચર્ચાનો આરંભ કરતા હોય છે તેવી પરંપરા છે. આજે વિપક્ષના નેતાને આ માટે સમય-મર્યાદા આપવામાં આવી અને તેમને નિયત મર્યાદામાં પ્રવચન પુર્ણ કરવાનું કહેવાતાં વિપક્ષના નેતાએ પ્રજાનું આનાથી વિશેષ અવમાન ના હોઈ શકે તમારી સત્તા તમને મુબારક હું આ ચાલ્યો મારે કંઈ કહેવુ નથી બોલવું નથી...

જો કે ચર્ચાના આરંભમાં જ તેમણે રાજ્યની કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર તીખા પ્રહારો કરતાં જણાવ્યું કે ગુજરાતમાં શહેરીકરણની સમસ્યાને લઈ ક્રાઈમ હબ તરીકે તે ઉપસી રહ્યુ છે ખુબજ ગંભીર ચિંતાની બાબત છે.

તેમણે પોલીસ કર્મીઓને ઓછા પગાર, અપુરતી સુવિધા અને ભરતીમાં સરકારની ઉદાસીનતાને લઈ નારાજગી વ્યક્ત કરી વિગતવાર ચર્ચા કરવા જતાં હતા ત્યાં જ પ્રવચન ટુંકાવવાનું જણાવતાં મામલો બિચક્યો હતો.

## મંત્રીનો જવાબ બે મિનિટમાં

### બે મહત્વની જાહેરાતો પણ ગૃહમાં કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

- ગુજરાત વિધાનસભામાં ગૃહ વિભાગ પરની માંગણીઓ પરની ચર્ચામાં રાજ્ય ગૃહમંત્રીના બે મિનિટના જવાબ બાદ માંગણીઓ મંજૂર થયાની ઘટના બની છે.
- વિધાનસભા ગૃહમાં આજે કમોસમી વરસાદની સામે ખેડૂતો માટે રાહતના પેકેજની મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને કોલ માઈન્સની કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલી ફાળવણીની જાહેરાત ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે નિયમ-૪૪ હેઠળના નિવેદનો દ્વારા કરી હતી.
- ગૃહમાં અને ગૃહ પરિસરમાં કોંગી સભ્યોએ કરેલી તોડફોડને લઈ આજે ટી.વી. ચેનલોના રિપોર્ટરોને તસ્વીરો લેવા મંજૂરી અપાઈ હતી.
- ગૃહમાં આ તોફાન ચાલતુ હતુ ત્યારે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ગૃહની બહાર હતા.



ઘનિષ્ઠ ચેકીંગ - ગાંધીનગર શહેરમાં લૂંટ, ચોરીના વધતા બનાવોના પગલે પોલીસ આજે વધુ સક્રિય દેખાતી હતી. શહેરના મુખ્ય માર્ગો પર વાહન ચાલકો પાસેથી જરૂરી ડૉક્યુમેન્ટસની માંગણી તથા ટ્રાફીક નિયમન માટેના નિયમોના અમલ માટે ભારે ચુસ્તતા વ્યક્ત કરાતી હતી. વાહન ચાલકો આવી ઝુંબેશથી ક્યારેક હાલાકી ભોગવતા હોય છે પરંતુ કાયદો અને વ્યવસ્થા માટે ઘનિષ્ઠ ચેકીંગ જરૂરી પણ હોય છે... (તસવીર : દિપક જાની)

## અગાઉની કેન્દ્ર સરકારના ઓરમાયા વલણને લઈ ગ્રાન્ટ મળી ન હતી : વસુબેન

### ગાંધીનગર જિલ્લામાં ૯૨ નવા નંદઘર બનાવવામાં આવ્યા છે : ૧૬૪ નંદઘર બનાવવાના બાકી છે

ગાંધીનગર, તા. ૨૬

કેન્દ્ર સરકારના ઓરમાયા વર્તનને કારણે ગુજરાતને આંગણવાડી કેન્દ્રોના નિર્માણ માટે યુ.પી.એ. સરકાર દ્વારા ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવી ન હોવાનો આક્ષેપ રાજ્ય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતિ વસુબેન ત્રિવેદીએ પ્રશ્નોત્તરી દરમ્યાન કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નંદઘર બનાવવા માટે સરકાર પાસે નાણાંની કમી નથી. ૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારે નવી દરખાસ્ત મોકલી છે અને તે મંજૂર થઈને આવવાની છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૬૪ આંગણવાડી ભાડાના મકાનમાં બેસે છે અને ૪૪ આંગણવાડી કેન્દ્રો નગરપંચાયત, શાળા કે ટ્રસ્ટની જગ્યામાં બેસીને ચલાવવામાં આવે છે તેમ રાજ્યના રાજ્ય મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી શ્રીમતિ વસુબેન ત્રિવેદીએ વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તારીના સમય દરમ્યાન ભાજપના શ્રી શંભુજી ઠાકોરના પ્રશ્નના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે એક આંગણવાડી દીઠ ૭૫ ટકા કેન્દ્ર સરકારના અને ૨૫ ટકા રાજ્ય સરકારના હોય છે. કેન્દ્ર સરકારને આ અંગે વારંવાર લખવા છતાં તે રકમ મંજૂર થતી ન હતી. હમણાં જ પુનઃ ૨૦૧૫ની સ્થિતિએ નવી માંગણી કરવામાં આવી છે અને માંગણી મંજૂર થઈને આવવાની છે.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૧૬૪ નંદઘર બનાવવાના બાકી છે. ૯૨ નવા નંદઘર બનાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ટી.બી.ના ૨૯૬ દર્દીઓ શોધાયા

### જિલ્લામાં ૧૦૧ બાળ દર્દીઓ છે : જિલ્લામાં ૧૮૫૨ લોકો ટી.બી.નો ભોગ બન્યા છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ૧૦૧ બાળકો ટી.બી.થી પિડાઈ રહ્યા છે, જ્યારે શહેરમાં નવા ૨૯૬ દર્દીઓ છેલ્લા એક વર્ષમાં શોધી કાઢવામાં આવ્યા છે. જિલ્લામાં હાલ ૧૮૫૨ દર્દીઓ ટી.બી.ની સારવાર હેઠળ છે.

વિશ્વ ટી.બી. દિવસની આજે જિલ્લા કક્ષાની ઉજવણીનો કાર્યક્રમ સે. ૧૨ ખાતે આંબેડકર હોલમાં ઉજવવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં ૨૦ જેટલા પરિવારોને જે.કે. ગૃપ ઓફ લક્ષ્મી સિમેન્ટ તરફથી એક વર્ષ માટે કરિયાણુ આપવાની ઘોષણા થઈ હતી.

શ્રીમતિ હીના પટેલે તેમના પ્રાસંગિક પ્રવચનમાં આ ચેપી રોગથી બાળકોને બચાવવા સમાજમાં સૌને સતર્ક રહેવા પર ભાર મુક્યો હતો. તેમણે ઔદ્યોગિક ગૃહો પણ ગરીબ પરિવારોને આ મહામારીથી બચે તે માટે મદદરૂપ થવાના અભિગમને બિરદાવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભીમજીયાણી, સિવિલ સુપ્રિ. ડૉ. નિશાબેન, મેડીકલ કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણી, લક્ષ્મી સિમેન્ટ ગૃપના જનરલ મેનેજર સહિત તબીબી ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

જિલ્લા ટી.બી. નિયંત્રણ અધિકારી ડૉ. સોલંકીએ જણાવ્યું હતુંકે ટી.બી.માં બાળદર્દીઓ સરેરાશ કરતાં જિલ્લામાં ઓછા છે.

તેમણે જિલ્લામાં ટી.બી. નિયંત્રણની ચાલી રહેલી કામગીરીની રૂપરેખા આપી અને મહેમાનોનું સ્વાગત કર્યુ હતું.

શુધ્ધ જળ | સ્વસ્થ તન | સ્વસ્થ જીવન

Shuddh Jal

ભારતીયો માટે સલામત પાણી લાવનાર

WHO, USAID, CDC દ્વારા ભલામણ કરેલ બાયોસેન્ડ ટેકનોલોજી

Hydraid® BioSand Water Filter
Manufactured by Cascade Engineering

ટેક્નીકલ ખાસિયતો
- ઈલેકટ્રીસીટી, બેટરી કે મુવેબલ પાર્ટસ વગર કાર્યરત.
- પ્રતિ કલાકે ૪૭ લિટર પાણી (સમયાંતરે) શુધ્ધ કરે.
- તેનો વપરાશ ૧૦ વર્ષ સુધી કરી શકો છો.
- ૮ થી ૧૦ વ્યકિતના કુટુંબ માટે જરૂરિયાત પુરી કરનાર
- એક વર્ષની મર્યાદિત વોરંટી
- એફડીએ દ્વારા પ્રમાણિત, યુ.વી. અવરોધક પ્લાસ્ટીકબોડી.
- બેકટેરીયા, વાઈરસ, પેરેસાઈટસ જેવી અશુદ્ધિઓ દુર કરે છે.

ફાયદાઓ
- શુધ્ધ પાણી મેળવવા માટે કોઈ છુપો ખર્ચ થતો નથી.
- શુધ્ધ પાણીથી ચામડી અને પેરાબના રોગોમાં ઘટાડો થાય છે.
- શુધ્ધ પાણીથી રોગો સામે રક્ષણ મળવાથી શરીર તંદુરસ્ત બને છે.
- જાળવણી તમે જાતે જ કરી શકો છો.
- પાણીમાં રહેલ (મીનરલ) પોષક તત્વો જાળવી રાખે છે.
- આર.ઓ. સીસ્ટમકરતાં પાણીનો ૬૦ થી ૭૦ ટકા બચાવ કરે છે.
- કાર્બનફુટ પ્રીન્ટ અને પ્લાસ્ટીક પ્રદુષણ ઓછું કરે છે.

પ્રત્યક્ષ નિદર્શન, બુકીંગ તથા ડીલરશીપ માટે સંપર્ક કરો.

MADHAV MICROTECH PVT. LTD.
"Bringing Technology & People together"
E-mail : md@madhavmicrotech.com | Web : www.madhavmicrotech.in

વર્કસ/ઓફીસ : પ્લોટ નં. એ-૬૪, કલ્પવૃક્ષ ટ્રેઈનીંગ સેન્ટરથી ડાબી તરફ, જી.આઈ.ડી.સી. ઈલેકટ્રોનીકસ એસ્ટેટ, સેકટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૧૬. ગુજરાત. (ઈન્ડિયા)
મો. ૯૪૨૬૦ ૬૦૪૫૮, ૯૮૩૩૮ ૮૮૭૦૨, ૯૪૨૬૮ ૨૮૭૮૨, ૯૪૦૮૪ ૦૬૬૪૪
E-mail : jagatkdave@yahoo.com
બ્રાન્ચ ઓફીસ : ૬૦૨ સિંધુ બિલ્ડીંગ, વસંત કોમ્પલેક્ષ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭

Little Angels' School

Address:- 682/2 Govt Qtrs, G-1 Type, Sector-8, Ph no. 232 45153

Monday to Friday, between 9 am to 2 pm

ADMISSIONS OPEN NOW

( From Playgroup, LKg, UKg, Std I to Std VIII)



Let your child into beautiful world of Little Angels' where he or she learns, plays and grows. With a group of hand picked teachers, we assure you, your child is in safe hands. Learning while you play, and playing as you grow...

Welcome to Little Angels' School.

Admissions open now.